શ્રીગણેશાયનમઃ

મનહર-મેના

નાટકનાં ગાયનો.

રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી વાંકાનેર નૃસિંહ નૌત્તમ નાટક સમાજ.

(મર્હુમ ધર્માનુરાગી ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર સ્થાપીત)

તરફથી છપાવી પ્રસીદ્ધ કરનાર બાઇશંકર હીરજીભાઇ રાવળ
વાંકાનેર નીવાસીએ વડોદરામાં પ્રસિદ્ધ કર્યા.

આવૃત્તિ પહેલી. પ્રત. ૨૦૦૦ બે હજાર.

અમદાવાદ ધીકાંટે વિશ્વેશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ
જેકુણદાસે છાપ્યું.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧.

કીંમત ૦-૨-૦

શ્રી

વિજ્ઞપ્તી.

આ નાટક રચવામાં અમારી કંપનીના સ્ટેજ મેનજર મી. દુલભરામ જટાશંકર રાવળે ઘણો શ્રમ લીધેલો છે તો આશા છે કે પ્રેક્ષકજનો તેને યોગ્ય ન્યાય આપશે.

ભાઈશંકર હીરજીભાઈ રાવળ.

શ્રી વાંકાનેર નૃસીંહ નૌતમ

નાટક સમાજના વ્યવસ્થાપક.

ચેતવણી.

ૐ

श्री परमात्मने नमः

મનહર-મેના નાટકના

મુખ્ય પાત્રો.

દેવી તથા બાળાઓ—નાટ્ય સુચક.

મનહરલાલ—મુંબઇનો લક્ષાધીપતિ યુવાન નર.

સુનંદા—મનહરલાલની સુશીલ સ્ત્રી.

લાલદાસ—મુંબઇનો નામાંકીત ગૃહસ્થ મેનાનો પિતા.

મંગળા—લાલદાસની સ્ત્રી મેનાની મા.

મેના—લાલદાસની પુત્રી મનહરની પસંદગીથી પરણેલ સ્ત્રી.

નટવર—મનહરનો ઉડાવગીર મીત્ર.

અચ્છન—ગોવાગીણુ નાયકા લાલદાસની વફાદાર.

હરીઓ—ખટપટી દરજી દેવલીનો આશક.

દેવલી—ઘાંચણની છોકરી દરજીના પ્યારમાં પડેલી.

પુરાણી—લાલદાસનો મુનીમ.

લાલશંકર—પુરાણીનો દીકરો.

પોલીસઇન્સપેકટર, સુરજ, ગોર, ડોસી, બૈયો, મારવાડી, દક્ષિણી, સીપાઇઓ, સખીઓ, વારાંગનાઓ વિગેરે.

મનહર-મેના નાટકનો ટુંક સાર.

પ્રારંભમાં—મંગળાચરણ વસ્તુ વિવેચન.

પ્ર૦-૧—પૈસાના મદમાં મગરૂર મનહરલાલના હવાઇ વિચારો, સુનંદાનો સદબોધ, નટવરની નીચતા, બાદ સુનંદાને દરિયામાં ફેંકી દેવી.

પ્ર૦-૨—હરીઆ દરજીએ દેવલી ધાંચણને લઈ મુંબઇમાં આવવું, બાદ પૈસાની તંગીને લીધે નટવરની સહાયતાથી દેવલીને બ્રાહ્મણ સાથે પરણાવવાનો પ્રપંચ.

પ્ર૦-૩—લાલદાસ તથા મંગળાના મેનાને પરણાવવાના વિચારો, મેનાની માગણીનો અનાદર, બાદ નટવરની મેના પ્રત્યે તુચ્છ ઇચ્છા નટવરનો તીરસ્કાર.

પ્ર૦-૪—અચ્છનનો બગીચો, મનહરની પ્રેમ માગણી, અચ્છને ધીક્કારી ચાલ્યા જવું. પાછળથી મેના સાથે મનહરનો સંકેત સંયોગ, પરસ્પર પ્રેમ ગાંઠ.

પ્ર૦-૫—નકલી શ્રીમંત લાલદાસના પારકા પૈસા પચાવવાના તથા ખોટા મોહમાં દુનિઆ ફસાવવાના પુરાણી સાથેના પ્રપંચનો આબેહુબ ચીતાર.

પ્ર૦-૬—નટવરની ખટપટથી પુરાણી સાથે હરીઆ દરજીનો આ-ભણુ રૂપે મેળાપ દેવલીને કુંવારી કન્યા તરીખે ઓળ-ખાવવી બાદ લાલશંકરને ખબર પડવાથી પરસ્પર તકરાર.

પ્ર૦-૭—દાદરપરના બંગલામાં મનહર-મેનાના લગ્નની બીજવસ, નાચપાર્ટી, નટવરની ખટપટથી લાલદાસનું પોલીસને લઇ આવવું, મેનાની સ્વતંત્રતા, પોલીસની ધરપકડ, નટવરનું નારદપણું, લાલદાસનો ગુસ્સો.

ટેબલો.

અંક બીજો.

પ્ર. ૧—મેનાને ફસાવવાના મનહર સામેના કેશમાં નાસીપાસ થયેલા લાલદાસનો પસ્તાવો બાદ નટવરને મળી મનહરને ખરાબ કરવાના વિચારો.

પ્ર. ૨—દરિયામાં ગુમ થયેલી સુનંદાનો હોડીવાળાના હાથથી અકસ્માત બચાવ પોતાના પતિ મનહરના ભોળપણ વિષે પસ્તાવો.

પ્ર. ૩—મેનાનો સખીઓ સાથે વિનોદ મનહર-મેનાનો પ્રેમ પ્રસંગ મેનાને થયેલ સ્વપ્નથી શંકાનું પહેલું પગથીયું બાદ નટવરે મનહરને ભંભેરી અચ્છનને ત્યાં લઇ જવો.

પ્ર. ૪—મનહરને ફસાવવા લાલદાસની અચ્છન સાથે મસલત ત્યાં નટવરે મનહરને લઇ આવવું પૈસાની પાયમાલી, નટવરે મેનાને આ બનાવ દેખાડવો.

પ્ર. ૫—નટવરની મદદથી હરીઆ દરજીએ એક કન્યાને બાપ દીકરા બંને સાથે એકી વખતે પરણાવવી.

પ્ર. ૬—પારકી થાપણ ઓળવવાનો લાલદાસનો તગાદો, બ્રાહ્મણનું ખુન, બાદ તે મુડદું મનહરના ઘરમાં મુકી મનહરને ખુની ઠરાવવાની નટવરની કોશીશ.

પ્ર. ૭—મેનાના શયનગૃહમાં સુનંદાનું આવવું. નટવરે મુડદું લાવવું, નટવરની બનાવટી ચીઠી, મનહરનું ચીઠી વાંચી શંકીત થવું મેના તથા મનહરનો પરસ્પર મન ભંગ, મનહરપર ખુનનું વારંટ, મનહરે બારી વાટે નાસી જવું, મેનાએ તેની પાછળ જવું બાદ સુનંદાની મદદથી નટવરનું પકડાવું.

ટેબલો.

અંક ત્રીજો.

પ્ર. ૧—લાલદાસની મદદથી ખુનના આરોપમાંથી છુટેલ નટવરનો મનહરને પાયમાલ કરવાનો ઇરાદો સુનંદાએ તે સાંભળી મનહરને બચાવવા છુપી રીતે તેની પાછળ જવું વિખુટી પડેલી મેનાએ પોતાના પતીને મળવા હોસ્પીટાલમાં જવું.

પ્ર. ૨—હોસ્પીટાલમાં મનહરની માંદગી મેનાનો તીરસ્કાર નટવરની નીચતા ન જાણવાથી મેનાએ નટવર સાથે જવું સુનંદાનું કાળ રાત્રી રૂપે મનહરને ભોળપણાનું ભાન કરાવી મેનાને પાપીના પાસમાંથી બચાવવા નટવર પાછળ જવું.

પ્ર. ૩—લાલદાસની વિચીત્ર સ્થીતી ભોપાળું ફુટવું લેણદારોની ધમાલ અંતે આત્મઘાત.

પ્ર. ૪—પુરાણી તથા લાલશંકર બંનેને બનાવી દેવલીનું હરીઆ સાથે નાસી જવું, બાપ અને દીકરાનું પસ્તાવું.

પ્ર. ૫—નટવરનો મેનાપર જુલમ સુનંદા સાથે મનહરનું બારીવાટે આવવું. મેનાને નટવરે કટાર મારતાં સુનંદાનું બચાવવું. મનહરનું પ્રગટ થવું. નટવરનું ખુન. કાળ રાત્રીરૂપ સુનંદાનું સત્ય સ્વરૂપે દેખાવું. સુનંદાનુ સતિત્વ મનહર-મેનાનો મેળાપ.

સત્યનો જય—અસત્યનો પરાજય.

શાન્તીઃ શાન્તીઃ શાન્તીઃ

श्री गणेशायनमः

श्री

મનહર-મેના નાટકના ગાયનો.

મંગલાચરણ.

બાળાઓ— ૧

ॐ શ્રી ગણપતિ જય જય હે જગ વંદન,
નાટયારંભે સ્તવીએ..... ॐ.
મહિમા ગાયે શેષ શારદા, વિજય.
સત્યનો તાદ્રશ્ય કરવા;
ચહી સદા તુજ પદ રજ (૨) અંજન કરીએ.
રાખી તુજ પદ ચીત ખચીત નચીત થઈ,
સત્યને ચીતરવા.
એક સત્યં પરં ધી મહી સતત રહીને
ભવથી તરવા......................નાટયારંભે.

બાળાઓ— ૨

ફળ કર્મ ધર્મ કર્યા પ્રમાણે જગત માંહી જણાય છે,
રમણીય રીતી ઇશની એ વિશ્વમાં વખણાય છે;
ભક્ત ભેદ નહીં નામ વેદ મહીં તારણ તરણ છવાયે,

સુજન તમામ નામ આધારે સત્ય સ્વરૂપ સીધાયે.
ભય સહુ ટાળે, પ્રતિ દીન પાળે,
વત્સ વહાલથી નીશદીન ન્યાળે;
શશી સમ સુયશ શ્વેત જગ છાયે.

મનહર— ૩

અહાહાહા આજે બન્યો ભાગ્યશાળી,
સદા સુખ સાજે દેખું હું દીવાળી;
મોજ ઉડાવું દોસ્તોની સાથે,
નાયકા નચાવું રંગ રાગ વાળી. અહા.
લાખો રૂપીયા આવ્યા આ હાથે;
ખમા ખમા કહેશે ભલો ભુપ ભાળી. અહા.

સુનંદા— ૪

ગૃહસ્થાઇની ગુમાની, શાણા કરોછો શાની,
બળવાન બળીરાજાની, રાવણને કંસ સમાની;
અભિમાને થઇ હેરાની, માયા છે મોહ નિશાની,
આશા આ રંગ પતંગી, તૃષ્ના સ્વારથની સંગી.
મૃગજળ સમ જુવો જુવાની, આખર આ દુનિયાં ફાની,

મનહર—મગજ નહીં ખા, નષ્ટ કુલટા;
અહીંથી દુર થા, નજરથી તું જા,

હરીઓ— ૫

ગજ કાતરવાળો, કેવો રૂપાળો, દરજી ભાળો,
છેલ છોગાળો, હરીઓ નામ હું જાણો;
હું હું ઘાંચણથી પ્યાર કરીને,
જાત ભાત વિસરીને. કુબુદ્ધિ જાગી.
લાજ ન લાગી. આવ્યો ભાગી. ન્યાતને ત્યાગી...હરીઓ.
છું છું ફક્કડ અકડ ફરનારો,
કાળાં ધોળાં કરનારો, મુંબઇમાં આવી;
મોજ ઉડાવી. મુડી ગુમાવી. ગયો ન ફાવી......હરીઓ.

નટવર— ૬

કિલ્વિષ ભંજન જન મન રંજન છે દુનિયામાં એકજ દામ,
વીદ્યા હીણુ બની માનવ ભટકે પણુ પૈસાથી સાત સલામ;

કોરસ—બ્યંડળ પણુ ત્રીભુવન ડોલાવે,
રેતીમાં પણુ બ્હાણુ ચલાવે, અધર પણુ કીલ્લા બંધાવે,
સુરનર મુનીવર સંતો સાધુ, કંચન દેખી ચળે તમામ;
ભુપતિ પણુ દે આદરમાન.
જરથી જાન કરે કુરબાન, હાજર હુકમે સો હેવાન;
સમુદ્ર તનયા તુજ પ્રતાપે, સકળ જગત પણુ બને ગુલામ.

મેના— ૭

ખીલી મારા યૌવનના બાગની બહાર,
પ્રેમડાળી લતાવાળી લચકતી લગાર;
ફુલ વેલી રસઘેલી હું ચમેલી નાર,
સુમન કળી જાય બળી વિરહમાં અપાર.
મારા મનહર માળી વીના કરે કોણ સારવાર,
પ્યારા પ્રાણાધાર બેટા રસ ભોગી ભરથાર;
રસીયા રસીક જીવન આધાર,
સીંચો સદા અમિ રસ પ્યાર,
સુના તમ વીણ સૌ શણગાર. યોવન.

માલતી— ૮

પ્રેમ રંગે રેલી નવેલી આલતી,
મેના— જાને જાણી સાહેલી શાણી માલતી;
માલતી— રંગ રંગીલી છબીલી અલબેલી,
મેના યોવનના મદે ફુલી ફાલતી.
મેના— છોડી દે ચાળા નાની છું હું બાળા,
માલતી— લટકાળાને નેહે નિહાળતી... જાને

મેના— ૯

બસ ચુપ કર હરામી હેવાન, ફોગટ કરે તું ગુમાન;
નટવર—ભુલ્યો મોહમાં હું ભાન, પ્રાણ કરૂં કુરબાન. બસ.

મેના— સીંહણને તાવી આ નાગણુ સતાવી તું નકી ગુમાવીશ જાન,
નટવર—વાહવા વહાલી પ્રીયા,
મેના— જા જા તું કુતરા.
નટવર—(બસ આમ)
મેના— (હા ગુલામ)
નટવર—(પ્રેમ જોડ)
મેના— (બસ છોડ)
નટવર—ફેશનથી ફેરવું, મીટીંગમાં મેળવું
મેના તું માન મારી મેના તું માન. બસ.

મનહર-મેના— ૧૦

મનહર—જાવાદે જોબન ભર જુવતી જાન જાવાદે.
મેના—ક્યાં જાવાદે, કેમ જાવાદે, શું બીજી સારીકા શોધવી છે.
મનહર—આમ શું બોલો વાંકાં વેણો ભુલો ભરૂંસે ભાન
મેના—આડું આડું શું સમજાવો, ગણી મુરખ નાદાન.
મનહર—પ્રીયા પોપટ તુરત મળશે.
મેના—ત્યાં સુધી મેના ટળવળશે.
મનહર—મન ગમતાં ફળ દઉં ખાવાને. જાવાદે.
કાલે મળીશું સુંદરી, કરવા આ શુભ કાજ.
મેના—કાલે કોણે જોઇ છે, વચન દીયો પીયુ આજ,
મનહર—સત્ય કહું આ વચન દઉં તું જાવાદે.

હવલી— ૧૧

સાડી સુંદર છટાથી હું દીલપર મરૂં,
ગાડી મોટરમાં બેસી હું મોજ કરૂં;

લટકે મટકે લાડ લડીને,
લહેરી લાલાને લઇને ફાવે ત્યાં ફરૂં.
પ્યાર સાગરમાં રસબસ થઇને હું તરૂં,
મધુરી મીઠડી વાતો કરીને,
રંગે રોળી હું પ્રેમે ઝબોળી ઠરૂં,
મારા વહાલા આશકનું મનડું હરૂં. સાડી

પુરાણી— ૧૨

પરણીશ હું એ નારી, રૂડી અને રૂપાળી,
હરીઓ—ભાઇ સાઠી. બુધી નાઠી. દશા માઠી;
પુરાણી—કોણ તું કહેનાર બુઢો છું હું જુવાન જોધ્ધો,
લાલીઓ-પસ્તાશો. દુખી થાશો. મરી જાશો.
હરીઓ—લડોમાં મરોમાં કજીયો કરોમાં,
લાલીઓ-કરૂં ફજેતી હું બાપા બધે;
હરીઓ—જા જા તું. દુર થા તું. ભાઇ જા તું.
પરણીશ.

વારાંગનાઓ— ૧૩

મોરી નાજુક કમર લચકાય,
અજી છોડો પીયા મોરી બાંય;
જીયા ગભરાય સૈયાં ન સોહાય......હાં હાં.
રાત બાલમ હમસેં લડેહો,
નિઠુર નીર્લજ પીઉ પડેહો;
જોબન લુંટી લીનો હાય કહાનાહીં જાય,
સહાનાહીં જાય........................મોરી.

અંક બીજો.

સુનંદા— ૧૪

આહા પ્રભુ અજબ રંગ જગતના,
નવા નવા નિત્ય નિહાળું ઢંગ;
મુર્ખ મીત્રની સંગમાં, સ્વામી ભુલ્યા ભાન,
બહુ થઇ હેરાન, મુસીબતે જાન.
બચાવી આવી હું દુઃખ વિતાવી હું,
હાય હવે થયું પતિ તણું મન ભંગ...આહા.

સખીઓ— ૧૫

રાસડો)

છાયો વસંત રૂતુરાજ સાજ લઇ સમાજ,
કામીનીએ મુકયાં કામકાજરે ધામનાં;
કામના ફકત કામી કામનાને કેલી કાજ.

સાખી.

નવલ લતા ખીલી રહી, પ્રેમ કમળ મધુ વાસ;
કઇક ભ્રમર રસ ચુસવા, ભ્રમણ કરે ચો પાસ.
વેણુ વાગે અજબ વેણુ વાગે,
જોને સખી જાગે મદનરાજ જાગેરે......વેણુ.
રસીકરાજ પ્રેમ કાજ સુધા માગે,
લાગે સખી મીઠી મધુરી ઢબે લાગેરે.....,વેણુ,

સાખી.

ભાન ભુલી ગઈ ભામીની, વિરહે ઉછળે અંગ;
રોમ રોમ પ્રીત માધુરી, ઝળકે રંગ અનંગ.
પ્રીતમ આવજોરે તમ વીણુ ઉર મારૂં અકળાય,
પ્રીત નિભાવજોરે પ્યારા પ્રાણુ વિયોગે જાય;
રસીયા હવે નહીં રીબાવો,
લ્હ્ય આ જોબન રસનો લાવો;
પ્યારમાં પલાળી પીયુ પ્રેમદાને ઠારો આજ......છાયો.

સખીઓ— ૧૬

વારે બાઇ લટકાળાં,
મેના— છોડોને ચાળા;
સખીઓ—ચીતમાં ચટપટ થાય,
રમજો રંગે રસિયા સંગે.
લચકાતું આ જોબનીયું લુંટાય,
મેના— શરમે બાઈ હું મુંઝાઇ;
સખીઓ—પ્રેમ રસ કેમ પીવાય;
મેના— છેડ અલી તું કરમાં,
સખીઓ—જા સખી ઘરમાં રગે રગ રસબસતાંછો.

મનહર— ૧૭

રે સુંદરી શાણી સમજુ થઇ શું રીસાયેરે આવાર,

આવો આવો વહાલી માય પ્રાણુ સુધારસ ખાણુ;
તું જીવન જાણુ,
મેના— જાણી તમ વાણુ.
કપટ કળાને હાવભાવથી ચલીત કરો પ્રાણુ આધાર,
જાઓ જાઓ સતાવો શું આજ;
મનહર-પ્રીયા તારે કાજ દઉં પ્રેમરાજ;
પ્રેમ ભક્તીમાં પરવશ કીધો મનહર મુગ્ધા નાર......આવો.

અછન—　　　　૧૮

મારે મોહોલે પ્રેમેથી પધાર્યા મહારાજ,
બની દાસી આભારી મારા શીરતાજ;
લાલદાસ-આનંદકારી છબી નીહાળી ઠરે રહ્ય આ પ્યારી,
અછન— રસ રંગે ઉમંગે ઉછરંગે તમ સંગે.
રહી રમું હું આજ.

ચંપક-ચંપા—　　　　૧૯

કજરવાને હાય સૈયાં બડા દુઃખ દીના,
બડા દુઃખ દીના, હાંરે બડા દુઃખ દીના;
નણુદી હો તો હીલ મીલ રહેતી,
સોતનીયાને હાય..........સૈયાં.

સાખી.

કાગા સબ તન ખાઇઓ, ચુનચુન ખાઇઓ માંસ;
દો નેનાં મત ખાઇયો, મોહે પીયુ મીલનકી આસ. કજરવા.

દેવલી— ૨૦

બની બાળા રંગીલી, છલ બલ વાળી છબીલી,
ધીમી ચાલે ચાલું છું જુવો જરા નવા નવા કરૂં નીત્ય નખરાં;
હરીઓ–રૂડી રૂપાળી નારી નખરાળી મારી,
દેવલી લાગે તું અપસરા.........ઓહો.
દેવલી—પરણી પુરાણીને હું જધશ ઘરે;
હરીઓ–ખરે આજ આબરૂના કરાવીશ કાંકરા.

સ્રીઓ— ૨૧

સોનાની સળીએ માંડવો, રૂપાની વળીએ માંડવો,
માંડવડે મળ્યારે મોરાર છપન કરોડ જાદવ મળ્યા;
રાધા વહુ નટવર ભાઇને વીનવે,
અલબેલા રાય જગ દેખાડ, રાય જગ હોયે રળીયામણો.
રાય જગ હરીશંકરભાઇને માંડવે;
નર નારી ત્યાં મંગળ ગાય, વર બહુ દીસે સોહામણો.

સ્રીઓ— ૨૨

ઢોલીડા ધડુક્યા લાડી ચાલો આપણે ઘેરરે,
ઉભા રહો તો માગું મારા દાદાજીની શીખરે;
હવે કેવી શીખરે લાડી હવે કેવા બોલોરે,
પરણ્યાને પીયારાં લાડી ચાલો આપણે ઘેરરે.

મેના— ૨૩

વહાલા વહેમ વિસારો હ્રદયથી;
વેણુના બાણુકાં મારોરે...... વહાલા.
શું સુજયું આ સમે બોલી આવું તમે;
મારી છાતી પતિ વિદારોરે...... વહાલા.
હું બની દુખણી અરેરે અભાગણી;
પીયુ પ્રેમ જરા વિચારોરે...... વહાલા.

અંક ત્રીજો.

મેના— ૨૪

પતિને ન વિસારૂંરે હું પલવાર,
મુંઝાય મન મારૂંરે સાંજ સવાર;
સ્વામીને હું સહાયકારી થવા જતાં હાય હારી,
લાગી છે વિયોગકારી રદય કટાર... પતી.
વિપત્તીનું વદળ મારે, આવી પડ્યું આ સંસારે;
સંકટ ક્યારે નિવારે સરજન હાર...... પતી.

મનહર— ૨૫

ધાર્યું ધણીનું થાય, મનવા શાને તું અથડાય,
બાજી ક્ષણે ક્ષણે બદલાય, પામર જનો વૃથા પસ્તાય;
ક્ષણુ દુઃખ ક્ષણુ સુખ અડતી પડતી ભારી મુરખ શીદ મુંઝાય,
ભાગ્યમાં જે લખેલ હોયે.
તે મીથ્યા કરી શકે ન કોયે એ ઉરમાં સમજાય. મનવા.

સુનંદા— ૨૬

અરે હે શાણુા શરણુ ભ્રાંતીનું લઈ,
સમજુ થઇ ક્યાંરો, લે માર્ગ પુરૂષાર્થનો;
પ્રભાની રચના ન્યારી વીચારી ધારી તું જો,

સુકે માન મહીપતી, ઘર ઘર રડતાં દુઃખ.
પાપીનો જય જગતમાં, દાતાને નહીં સુખ.
હરીશ્ચંદ્રે વેઠી વીપતી. સુદામાની હતી શું સ્થીતી;
નળ દમયંતીની ગતી. થઇ પાંડવોની પડતી,
દશારે દુખી ભાવી બળથી સૌને માથે વીતી. અરે હે.

લાલદાસ— ૨૭

વ્યાધી ગગન મંડળ ઘેરાણું, વાયુ વિપતિના વાય
મોહાંધી જીવ દાવાનળમાં અંધ બની ઝપલાય
પ્રપંચ પ્રલયમાં મીથ્યા આશ ઉગરવાની
રોમ રોમ બળી જાય.
જાળ બીછાવી જુગતીની, પાપનું નહીં પ્રમાણુ
પલટયો રંગ આ પલટશે, દરીએ ડુબ્યું વ્હાણુ.
કિર્તી ઇમારત ડોલતી હાય,
દુઃખી દીલમાં બહુ દાહ થાય. વાયુ.

૨૮

દેવલી—જાઓજી જાઓ હારી અઇ હારી, શાને સતાવોછો આમ;
પુરાણી—ઓહો નખરાળાં છો લટકાળાં નાની બાળા,
દેવલી—જાણ્યા ચાળા તમારા તમામ. જાઓજી.
પુરાણી—બોલોને પુરાણીથી મીઠી મીઠી આ વાણીથી
વારે મારી નવી નાઉં પ્રેમતણા પાણીથી;

દેવજી—બની કાલા ઘેલા શાને આવોછો લેવાને લાગ,
પુરાણી—વારૂં છું હું પ્રાણ, માંડો કાં મોકાણ હાર્યો હું હામ,
દેવજી—છોડોને નામ શું ઠાલું કામ.

૨૯

પુરાણી—ઘોળામાં ધુળ ધાલીને, આ ચડયા ગધેડે હાલા;
લાલીયો—લટકયા લાડીથી બાપા વિણો ભાજી પાલા.
હરીઓ—જોજો ભાઈઓ આ બંદર કાળા મોઢા વાળા,
લાલીયો—કયાં ખેતરપાળ ખોવાણા
પુરાણી—ભાઇ કર્મે કાળા પાણા
હરીઓ—આદરજીના ફંદે બેટા ફસાણા
દેવજી—વારે બટલર શાણા
પુ. લા—આ સાધુ કર્યાં ભાઇ નસીબ ફર્યાં
બધા—જોજો બાહુની બૈરીના ગડબડ સડબડ ગોટાળા. ઘોળામાં.

સુનંદા-મનહર-મેના— ૩૦

વાહલા પ્રભુજી દીનની અરજી,
ઉર ધરી તેં વીભુ વરજી;
મંગલતરછો અમિ રસ ભરછો,
જન મન રંજન કરણા કરછો.
અવિચળ નામી અંતરયામી;
ગર્વ હર્યો ગિરીધરજી..... વાહલા.

સર્વ સજનમાં વહાલ વતનમાં,
સુખ આબાદી અચળ ધરી;
કુદરત તારી નીરખી ન્યારી,
નવા નવા રૂપમાં વિચરી;
જોઉં આજ સહુ સમાજ,
તજી ગર્વ ભજો હરજી..... વાહવા.



જાહેર ખબર.

અમારી કંપનીના નીચલા નાટકોનાં ગાયનોની ચોપડીઓ વડોદરામાં અમારા થીએ-ટરમાંથી તથા જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કિંમતે રોકડેથી અથવા વેલ્યુપેબલ પારસલથી મંગાવશો.

ચોપડીનું નામ.	કિંમત.
૧ શ્રી ભક્તિવિજય.	૦–૨–૦
૨ સુરેખાહરણ	૦–૨–૦
૩ બીલ્વમંગળ ઉર્ફે સૂરદાસ....	૦–૨–૦
૪ નાગરભક્ત.	૦–૨–૦
૫ નીલમ માણેક.	૦–૨–૦
૬ શહેનશાહ અકબર.	૦–૨–૦
૭ યોગકન્યા.	૦–૨–૦
૮ મનહર–મેના.	૦–૨–૦